Extra No. 72

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **FRIDAY, MARCH 13, 2026 / PHALGUNA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી અમિત ચાવડાએ, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ, અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

THE GUJARAT RAJMATA (GAUMATA STATUS, PROTECTION AND WELFARE) BILL, 2025.

GUJARAT BILL NO. 11 OF 2026.

A BILL

to provide for the special status, protection and welfare of cows in the State of Gujarat and for matters connected therewith and incidental thereto.

ગુજરાત રાજમાતા (ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) વિધેયક, ૨૦૨૫.

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૧.

ગુજરાત રાજ્યમાં ગાયને વિશેષ દરજ્જો આપવા માટેની, તેના રક્ષણ અને કલ્યાણ માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજમાતા (ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. **૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) “જિલ્લો” એટલે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેનો જિલ્લો.

(ખ) “રાજપત્ર” એટલે રાજ્ય સરકારનું રાજપત્ર.

(ગ) “ગૌમાતા” એટલે આખલો (બુલ), બળદ (બુલોક) અને વાછરડા (કાફ) સહિત ગાય અને તેની ઓલાદ.

(ઘ) “ગોપાલક” એટલે ગૌમાતાની માલિક હોય, તેનું સંવર્ધન કરતી હોય, તેનું પાલન કરતી હોય અથવા તેનો કબજો ધરાવતી હોય તેવી વ્યક્તિ.

(ચ) “સરકાર” એટલે ગુજરાત રાજ્યની સરકાર.

(છ) “નિયમો” એટલે અધિનિયમની જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકારે કરેલા નિયમો.

(જ) “ખાસ અધિકારી” એટલે આ અધિનિયમનો હેતુ પાર પાડવા માટે, અધિનિયમની કલમ ૪ હેઠળ રાજ્ય સરકારે નીમેલા અધિકારી.

(ઝ) “રાજ્ય” એટલે ગુજરાત રાજ્ય.

વિશેષ દરજ્જો. **૩.** રાજ્ય, ગૌમાતાને વિશેષ પ્રતીકાત્મક દરજ્જો આપશે અને આ અધિનિયમના હેતુઓ માટે, ગૌમાતાનો આદરભાવપૂર્વક ‘રાજમાતા’ તરીકે ઉલ્લેખ કરવો જોઈશે.

ખાસ અધિકારીઓ. **૪.** રાજ્ય સરકારે, આ અધિનિયમનો હેતુ પાર પાડવા માટે, રાજ્યમાં નાયબ કલેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા એક અથવા એકથી વધુ ખાસ અધિકારીઓની અને દરેક જિલ્લા માટે આવશ્યક હોય તેવા સહાયક કર્મચારીવર્ગ (સ્ટાફ)ની નિમણૂક કરવી જોઈશે.

ખાસ અધિકારીના કાર્યો અને ફરજો. **૫.** (૧) ખાસ અધિકારીએ, જિલ્લામાં ગૌમાતાનું રક્ષણ અને કલ્યાણ સુનિશ્ચિત કરવું જોઈશે.

(૨) ખાસ અધિકારીને, ગૌમાતાને આપવામાં આવતા ખોરાકની તપાસ કરવા માટે, ઠરાવવામાં આવે તેવા સલામતીના સાધનો (સેફગાર્ડ્સ)ને અધીન રહીને, કારણોની લેખિતમાં નોંધ કરીને, વાજબી સમયે કોઈપણ સંકુલમાં તપાસ કરવા માટે પ્રવેશ કરવાની સત્તા રહેશે.

(૩) ખાસ અધિકારીઓએ, એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે ગૌમાતાને રાજ્યમાં પૂરતી જગ્યા, આરોગ્યપ્રદ વાતાવરણ, તબીબી સારવાર અને પાણી પૂરા પાડવામાં આવે છે.

(૪) ખાસ અધિકારીએ એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે વૃદ્ધ, બીમાર અને બિન-ઉપયોગી ગૌમાતાને કતલના હેતુઓ માટે વેચવામાં આવતી નથી.

(૫) ખાસ અધિકારીએ, ગૌમાતાની કતલ, ગૌમાંસના વેચાણ અને હેરફેરના પ્રતિબંધને લગતા વિદ્યમાન કાયદાનું અમલીકરણ સુનિશ્ચિત કરવું જોઈશે.

(૬) આ અધિનિયમની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન થયું છે તેમ જણાય, તો ફરિયાદ દાખલ કરવી તે ખાસ અધિકારીની ફરજ રહેશે.

નિયમો કરવાની સત્તા. **૬.** રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

ઉદ્દેશો અને કારણો

ભારતમાં ગાયને આદરણીય દરજ્જો આપવામાં આવ્યો છે. ગાયને માતા ગણવામાં આવે છે અને માતા તરીકે પૂજવામાં આવે છે, ગૌમાતાની માનવજાત, ખેતી અને હવામાન નિયંત્રણ માટેની ઉપયોગિતાને ધ્યાનમાં રાખતાં તેનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે. તેમ છતાં, ગૌમાતા દયનીય સ્થિતિમાં જીવન જીવે છે. દૂધની બનાવટો અને કચરો-કુડો

તેનો ખોરાક બની ગયો છે. ગૌમાતા ખોરાકની શોધમાં શેરીઓમાં આમતેમ ભટકે છે. તે મોટે ભાગે રસ્તા પર જોવા મળે છે અને વાહનવ્યવહાર અને લોકોને મોટા પાયે ખલેલ પહોંચાડે છે. આ સંજોગોમાં, ગૌમાતાની સ્થિતિ સુધારવા માટે કાયદો બનાવવો અને ધાર્મિક માન્યતાઓ મુજબ તેને આદરણીય દરજ્જો આપવો જરૂરી છે.

તેથી આ વિધેયક.

તારીખ: ૨૬મી માર્ચ, ૨૦૨૫ **અમિત ચાવડા,**
ગાંધીનગર. **વિ.સ.સ.**

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૪-થી, રાજ્ય સરકારને, દરેક જિલ્લા માટે ખાસ અધિકારીઓ અને કર્મચારીવર્ગ (સ્ટાફ)-ની નિમણૂક કરવાની સત્તા મળે છે. આ હેતુ માટે, અંદાજપત્રીય જોગવાઈઓને અધીન રહીને, રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂપિયા ૧૦૦ કરોડનો અંદાજિત વાર્ષિક આવર્તક ખર્ચ થશે.

તારીખ: ૨૬મી માર્ચ, ૨૦૨૫ **અમિત ચાવડા,**
ગાંધીનગર. **વિ.સ.સ.**

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

વિધેયકની કલમ ૪-થી, રાજ્ય સરકારને, દરેક જિલ્લા માટે ખાસ અધિકારીઓ અને કર્મચારીવર્ગ (સ્ટાફ)-ની નિમણૂક (કરવા) માટેની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૬-થી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૬મી માર્ચ, ૨૦૨૫ **અમિત ચાવડા,**
ગાંધીનગર. **વિ.સ.સ.**

તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬ **ચેતન પંડ્યા,**
ગાંધીનગર. **સચિવ,**
ગુજરાત વિધાનસભા.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.03.14 08:30:33 IST